**વંચાણે લીધા :** પોલીસ કમિશ્નરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/૧૯૬/૨૦૦૬, તા.૨૭/૯/૨૦૦૬

## જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/ ૧૭ /૨૦૧૯**

**તા. ૧૨ /૯ /૨૦૧૯**

હું એ.કે.સિંઘ, **(I.P.S.),** પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને મોટર વ્હીકલ એક્ટ,૧૯૮૮ ની કલમ ૧૧૨ (૨) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર ક્ષેત્રાધિકારમાં આવેલા એક્સપ્રેસ–વે, નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે તથા શહેરમાંના અન્ય માર્ગ ઉપર પસાર થતાં વાહનો દ્રારા અકસ્માત ઘટાડવા અને વધારે ગતીવાળા વાહનોના અકસ્માતથી થતી ઈજા–નુકશાનની માત્રા ઘટાડી માર્ગ–સલામતી સ્તરમાં સુધારણા સાથે રાહદારી અને મુસાફરી કરતાં નાગરીકો સહીત જાહેર જનતાને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર વાહનોની ગતી–મર્યાદા સંબંધે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :–**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના માર્ગો ઉપરથી પસાર થતા વાહન ચાલકોએ નીચે મુજબની રીતે વાહનોના પ્રકાર પ્રમાણે તેની સામે દર્શાવેલ ગતિ–મર્યાદા (કિલોમીટર/કલાક) નો અમલ કરવાનો રહેશે.

**(એ)** પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર હુકુમત વિસ્તારમાં નેશનલ હાઈવે સિવાયના શહેરના તમામ માર્ગો:

| અ.નં. | વાહનનો પ્રકાર | ગતિ મર્યાદા (કી.મી./કલાક) |
|---|---|---|
| ૧ | ભારે અને મધ્યમ વાહન | 40 KM/કલાક |
| | ફોર વ્હીલર | 60 KM/કલાક |
| | થ્રી વ્હીલર | 40 KM/કલાક |
| | ટુ વ્હીલર | 50 KM/કલાક |

**(બી)** પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરના હુકુમત વિસ્તાર (તમામ નેશનલ હાઈવે) :

| અ નં | વાહનનો પ્રકાર | ૪–લેન અને તેનાથી વધુ વિભાજિત થતી લેનવાળા માર્ગો (roads with Median Strips/ Dividers) | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવેલ માર્ગો | અન્ય માર્ગો |
|---|---|---|---|---|
| ૧ | ડ્રાઈવરોની સીટ ઉપરાંત આઠ બેઠકોથી વધુ મુસાફરોની મુસાફરી માટે વપરાતા મોટર વાહનો (M-1 કેટેગરીમાં આવતા વાહનો) | 100 KM/કલાક | 70 KM/કલાક | 70 KM/કલાક |
| ૨ | ડ્રાઈવરોની સીટ ઉપરાંત મુસાફરોની મુસાફરી માટે નવ કે તેથી વધુ બેઠકોનો ઉપયોગ થતો હોય તેવા મોટર વાહનો (M-2 અને M-3 કેટેગરીમાં આવતા વાહનો) | 90 KM/કલાક | 60 KM/કલાક | 60 KM/કલાક |
| ૩ | માલ–સામાનનાં વહન માટે વપરાતા માલવાહક વાહનો (N- | 80 KM/કલાક | 60 KM/કલાક | 60 KM/કલાક |

| | | | | |
|---|---|---|---|---|
| | કેટેગરીમાં આવતા તમામ વાહનો) | | | |
| ૪ | મોટર સાયકલ (બાઇક) | 80 KM/કલાક | 60 KM/કલાક | 60 KM/કલાક |
| ૫ | ક્વૉડ્રીસાયકલ | 60 KM/કલાક | 50 KM/કલાક | 50 KM/કલાક |
| ૬ | થ્રી–વ્હીલર વાહનો | 50 KM/કલાક | 50 KM/કલાક | 50 KM/કલાક |

આ જાહેરનામાની જોગવાઈ એમ્બ્યુલન્સ, મેડીકલ ઈર્મજન્સી સંલગ્ન વાહનો, પોલીસ સુરક્ષામાં કોન્વોય પ્રવાસરૂપે કરી રહેલ સુરક્ષીત મહાનુભાવોના વાહનો, ફાયરફાયટર, ઈર્મજન્સી સર્વિસમાં રોકાયેલ પોલીસ– વહીવટીતંત્રના વાહનોને લાગુ પડશે નહી.

આ આદેશનું ઉલ્લંઘન કરનાર મોટર વ્હીકલ એકટ–૧૯૮૮ કલમ–૧૮૩ (૧),(૨) ,૧૮૪ અને IPC–૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સદરહું જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખથી દિન–૩૦ માં કોઈપણ નાગરિક કે સંસ્થા તરફથી આ જાહેરનામાના સમર્થનમાં કે વિરોધમાં લેખિત વાંધા અગર સૂચન હોય તો તે રજુ કર્યેથી તેના ઉપર વિચારણા કરવામાં આવશે.

આ જાહેરનામાનો અમલ તા. ૧૩ / ૯ /૨૦૧૯ ના ૦૦.૦૦ થી કરવાનો રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૯ / ૯ /૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૯ / ૯ /૨૦૧૯
અમદાવાદ શહેર

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :–**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/– ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.
(૧૦) રોડ સેફટી કમિશ્નર અને વાહન વ્યવહાર કમિશ્નરશ્રી, પહેલો માળ,આંકડા બ્યુરો ભવન,પોલીસ ભવનની બાજુમાં, સેકટર–૧૮, ગાંધીનગર–૩૮૨ ૦૦૯

**નકલ રવાના :**